# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૫૦ તા.૧-૮-૧૫**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે તા.૧-૮-૧૫ થી તા.૧૪-૮-૧૫ દરમ્યાન નીચે મુજબ સમગ્ર રાજ્યમાં 'મહિલા સશક્તિકરણ પખવાડિયા'ની ઉજવણીનું આયોજન થયેલ છે. દરેક શાળાએ પ્રાર્થના સંમેલનમાં પખવાડિયા દરમ્યાન જે-તે વિષયની ચર્ચાનું આયોજન કરવું. આ પખવાડિયા દરમ્યાન તારીખવાર જે વિષયો આપવામાં આવેલ છે તે વિષયોના જે-તે ક્ષેત્રના તજજ્ઞોને આમંત્રિત કરી પ્રવચન ગોઠવી શકાય.

| તારીખ | વિષય |
|---|---|
| ૧-૮-૧૫ | મહિલા સુરક્ષા દિવસ |
| ૨-૮-૧૫ | બેટી બચાવો - બેટી પઢાઓ |
| ૩-૮-૧૫ | મહિલા સ્વાવલંબન દિવસ |
| ૪-૮-૧૫ | મહિલા નેતૃત્વ દિવસ |
| ૫-૮-૧૫ | મહિલા આરોગ્ય દિવસ |
| ૬-૮-૧૫ | મહિલા કૃષિ દિવસ |
| ૭-૮-૧૫ | મહિલા શિક્ષણ દિવસ |
| ૮-૮-૧૫ | મહિલા સ્વચ્છતા જાગૃતિ દિવસ |
| ૯-૮-૧૫ | મહિલા કલ્યાણ દિવસ |
| ૧૦-૮-૧૫ | મહિલા બાળ પોષણ જાગૃતિ દિવસ |
| ૧૧-૮-૧૫ | મહિલા કર્મયોગી દિવસ |
| ૧૨-૮-૧૫ | મહિલા અને કાનૂની જાગૃતિ દિવસ |
| ૧૩-૮-૧૫ | શ્રમજીવી મહિલા દિવસ |
| ૧૪-૮-૧૫ | મહિલા શારીરિક સૌષ્ઠવ દિવસ |

સ્કૂલ બોર્ડ દ્વારા તા.૭-૮-૧૫ને 'મહિલા શિક્ષણ દિવસ' તરીકે અને તા.૧૪-૮-૧૫ને 'મહિલા શારીરિક સૌષ્ઠવ દિવસ' તરીકે આપણી શાળાઓમાં ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે. તે માટે નીચે મુજબની સૂચનાઓનો અમલ કરશો.

**તા.૭-૮-૧૫ 'મહિલા શિક્ષણ દિવસ'**

❖ આ દિવસે દરેક શાળામાં વિદ્યાર્થીઓને ધો.૮,૧૦ અને ૧૨ પછી ચાલતા અભ્યાસક્રમ વિશે માહિતી આપવી. જેમાં રોજગાર અધિકારીની કચેરી દ્વારા બહાર પાડવામાં આવતી પુસ્તિકામાંથી અને ઈન્ટરનેટના માધ્યમથી માહિતી મેળવી વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન પૂરું પાડવું.

- આ દિવસે શાળાની વિદ્યાર્થીનીઓ/ શિક્ષિકાઓ માટે IIM, CEPT, ITI, MICA, ISARO પર્યાવરણ કેન્દ્ર, એન્જીનીયરીંગ કોલેજ તેમજ ડીપ્લોમા કોલેજ જેવી સંસ્થાઓની મુલાકાતનું આયોજન પણ કરી શકાય. આ માટે અગાઉથી જ જે-તે સંસ્થાઓનો સંપર્ક કરી આયોજન કરવું.
- એપ્રિલ-૧૫માં ધો.૮ પાસ કરેલ તમામ વિદ્યાર્થીનીઓએ ધો.૯માં પ્રવેશ મેળવી લીધો છે કે કેમ તેની ચકાસણી કરવી. ધો.૯માં કઈ શાળામાં પ્રવેશ મેળવ્યો છે તેની યાદી તૈયાર કરવી. જે વિદ્યાર્થીનીઓએ ધો.૯માં પ્રવેશ મેળવેલ ન હોય તેનો વાલીસંપર્ક કરી તેમને શિક્ષણની અગત્યતા સમજાવવી અને ધો.૯માં પ્રવેશ અપાવવો.

- આ દિવસે મ્યુનિ. કોર્પોરેશનના મહિલા પદાધિકારીશ્રીઓ, જે-તે વોર્ડના મહિલા કાઉન્સીલરશ્રીઓ, સ્કૂલ બોર્ડનાં મહિલા સદસ્યશ્રીઓ અને અન્ય ક્ષેત્રના મહિલા પદાધિકારીશ્રી-અધિકારીશ્રીઓને આમંત્રિત કરવા.

❖ આ દિવસે દરેક ઝોનના નીચે દર્શાવેલ સ્થળોએ જે-તે ઝોનની ધો.૬ થી ૮ની ૫૦૦ જેટલી કન્યાઓનું સંમેલન યોજવાનું આયોજન થયેલ છે. આ સંમેલન જે-તે ઝોનના આસિ.એ.ઓ.ના માર્ગદર્શન હેઠળ થશે, જેમાં કન્યાઓએ નિષ્ણાત તજજ્ઞ દ્વારા મૂલ્ય શિક્ષણ, સામાજિક ઉત્થાનમાં મહિલાઓનું યોગદાન જેવા વિષયો અંગે માર્ગદર્શન આપવામાં આવશે તેમજ શૈક્ષણિક - વ્યવસાયિક માર્ગદર્શન પણ અપાશે.

| ઝોન | સ્થળ | સમય |
|---|---|---|
| પૂર્વ | રાજપુર શા.નં.૧૭/૧૮ | ૯.૦૦ થી ૧૦.૩૦ |
| પશ્ચિમ | સ્કાઉટભવન | ૯.૦૦ થી ૧૦.૩૦ |
| ઉત્તર | મેમ્કો સ્પોર્ટસ સંકુલ | ૯.૦૦ થી ૧૦.૩૦ |
| દક્ષિણ | કુ. હિના વોરા પ્રા. શાળા | ૯.૦૦ થી ૧૦.૩૦ |

❖ તા.૭-૮-૧૫ના રોજ બપોરે ૨-૩૦ કલાકે ટાઉન હૉલ, એલિસબ્રીજ ખાતે 'મહિલા સંમેલન'નું આયોજન કરવામાં આવેલ છે. આ સંમેલનમાં સને ૧૯૯૮ થી આજદિન સુધી સ્કૂલ બોર્ડમાં વિદ્યાસહાયક તરીકે મુકાયેલ શિક્ષિકાઓએ હાજર રહેવાનું રહેશે. બપોરપાળીની શાળામાં વિદ્યાસહાયકોને સંમેલનમાં મોકલવાને કારણે જો શૈક્ષણિક કાર્યને અસર પહોંચે તેવું મુખ્ય શિક્ષકને જણાય તો તેમણે જે-તે ઝોનના આસિ.એ.ઓ.નો આ પરિપત્ર થયેથી દિન-૨માં રૂબરૂ સંપર્ક કરી સંમેલનમાં મોકલવાના શિક્ષકોની સંખ્યા લેખિતમાં સુપ્રત કરવી.

**તા.૧૪-૮-૧૫ 'મહિલા શારીરિક સૌષ્ઠવ દિવસ'**

❖ આ દિવસે શાળાના પ્રાર્થના સંમેલનમાં યોગના જાણકાર શિક્ષક દ્વારા 'યોગથી થતા ફાયદા' વિષય પર બાળકોને જાણકારી આપવી.

❖ આ દિવસે વિદ્યાર્થીઓને શાળા પુસ્તકાલયમાંથી 'યોગ'ના પુસ્તકોનું અડધો કલાક વાંચન કરાવવું અને ત્યારબાદ વર્ગખંડમાં તે અંગે પ્રશ્નોત્તરી યોજવી.

❖ પ્રાર્થના સંમેલનમાં ધો.૬ થી ૮ના વિદ્યાર્થીઓને યોગ કરાવવા.

તા.૧-૮-૧૫

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી